મીઠાં બાળકો **-** બાબા ની દૃષ્ટિ હદ અને બેહદ થી પણ પાર જાય છે **,** તમારે પણ હદ ( સતયુગ )**,** બેહદ ( કળયુગ ) થી પાર જવાનું છે **:"**

પ્રશ્ન **:-** ઊંચે થી ઊંચ જ્ઞાન-રત્નો ની ધારણા કયા બાળકોની સારી થાય છે?

ઉત્તર **:-** જેમનો બુદ્ધિયોગ એક બાપની સાથે છે, પવિત્ર બન્યાં છે, એમને આ રત્નોની ધારણા સારી થશે. આ જ્ઞાન માટે શુદ્ધ વાસણ જોઈએ. ઉલ્ટા-સુલટા સંકલ્પ પણ બંધ થઈ જવા જોઈએ. બાપની સાથે યોગ લગાવતાં- લગાવતાં વાસણ સોનુ બને ત્યારે રત્ન રહી શકે.

ઓમ શાંતિ **!** મીઠાં-મીઠાં રુહાની બાળકો ને રુહાની બાપ બેસી રોજ-રોજ સમજાવે છે. આ તો સમજાવ્યું છે બાળકોને જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય નું આ સૃષ્ટિ ચક્ર બનેલું છે. બુદ્ધિ માં આ જ્ઞાન રહેવું જોઈએ. આપ બાળકોએ હદ અને બેહદ થી પાર જવાનું છે. બાપ તો હદ અને બેહદ થી પાર છે. એનો પણ અર્થ સમજવો જોઈએ ને? રુહાની બાપ બેસી સમજાવે છે. તે પણ વિષય સમજાવવાનો છે કે જ્ઞાન, ભક્તિ પછી છે વૈરાગ્ય. જ્ઞાન ને કહેવાય છે દિવસ, જ્યારે નવી દુનિયા હોય છે. એમાં આ ભક્તિ અજ્ઞાન છે નહીં. તે છે હદ ની દુનિયા કારણકે ત્યાં બહુ જ થોડા હોય છે. પછી ધીમે-ધીમે વૃદ્ધિ થાય છે. અડધા સમય પછી ભક્તિ શરુ થાય છે. ત્યાં સંન્યાસ ધર્મ હોતો જ નથી. સંન્યાસ અથવા ત્યાગ હોતો નથી. પછી પાછળથી સૃષ્ટિની વૃદ્ધિ થાય છે. ઉપરથી આત્માઓ આવતી જાય છે. અહીં વૃદ્ધિ થતી રહે છે. હદથી શરુ થાય છે, બેહદ માં જાય છે. બાપ ની તો હદ અને બેહદ થી પાર દૃષ્ટિ જાય છે. જાણે છે હદ માં કેટલા થોડા બાળકો હોય છે પછી રાવણ રાજ્યમાં કેટલી વૃદ્ધિ થઈ જાય છે. હવે તમારે હદ અને બેહદ થી પણ પાર જવાનું છે. સતયુગમાં કેટલી નાની દુનિયા છે. ત્યાં સંન્યાસ અથવા વૈરાગ્ય વગેરે હોતો નથી. પછી દ્વાપર થી લઈને બીજા બધા ધર્મ શરુ થાય છે. સંન્યાસ ધર્મ પણ હોય છે જે ઘરબાર નો સંન્યાસ કરે છે. બધાએ જાણવું તો જોઈએ ને? આને કહેવાય છે હઠયોગ અને હદ નો સંન્યાસ. ફક્ત ઘરબાર છોડી જંગલમાં જાય છે. દ્વાપર થી ભક્તિ શરુ થાય છે. જ્ઞાન તો હોતું જ નથી. જ્ઞાન એટલે સતયુગ-ત્રેતા સુખ. ભક્તિ એટલે અજ્ઞાન અને દુઃખ. આ સારી રીતે સમજાવવાનું હોય છે પછી દુઃખ અને સુખ થી પાર જવાનું છે. હદ-બેહદ થી પાર. મનુષ્ય તપાસ કરે છે ને? ક્યાં સુધી સમુદ્ર છે, આકાશ છે. બહુ જ કોશિશ કરે છે પરંતુ અંત પામી નથી શકતાં. વિમાનમાં જાય છે. તેમાં પણ એટલું તેલ જોઈએ ને જે પછી પાછા પણ આવી શકે. બહુ જ દૂર સુધી જાય છે પરંતુ બેહદ માં જઈ નથી શકતાં. હદ સુધી જ જશે. તમે તો હદ, બેહદ થી પાર જાઓ છો. હવે તમે સમજી શકો છો પહેલા નવી દુનિયા માં હદ છે. બહુ જ થોડા મનુષ્ય હોય છે. તેને સતયુગ કહેવાય છે. આપ બાળકો ને રચનાનાં આદિ, મધ્ય, અંત ની નોલેજ હોવી જોઈએ ને? આ નોલેજ બીજા કોઈમાં છે નહીં. તમને સમજાવવા વાળા બાપ છે જે બાપ હદ અને બેહદ થી પાર છે બીજું કોઈ સમજાવી ન શકે. રચના નાં આદિ-મધ્ય-અન્ત નું રહસ્ય સમજાવે છે પછી કહે છે આનાથી પાર જાઓ. ત્યાં તો કંઈ પણ રહેતું નથી. કેટલા પણ દૂર જાય છે, આકાશ જ આકાશ છે. આને કહેવાય છે હદ-બેહદ થી પાર. કોઈ અંત નથી પામી શકતાં. કહેવાશે બેઅંત. બેઅંત કહેવું તો સહજ છે પરંતુ અંતનો અર્થ સમજવો જોઈએ. હમણાં તમને બાપ સમજ આપે છે. બાપ કહે છે હું હદ ને પણ જાણું છું, બેહદ ને પણ જાણું છું. ફલાણા-ફલાણા ધર્મ ફલાણા- ફલાણા સમયે સ્થાપન થયા છે! દૃષ્ટી જાય છે સતયુગ ની હદ તરફ. પછી કળિયુગ નાં બેહદ તરફ. પછી આપણે પાર ચાલ્યા જઈશું. જ્યાં કશું નથી. સૂર્ય ચંદ્ર થી પણ ઉપર આપણે જઈએ છીએ, જ્યાં આપણું શાંતિધામ, સ્વીટ હોમ છે. આમ તો સતયુગ પણ સ્વીટ હોમ છે. ત્યાં શાંતિ પણ છે તો રાજ્ય-ભાગ્ય સુખ પણ છે-બંને જ છે. ઘરે જશો તો ત્યાં ફક્ત શાંતિ હશે. સુખનું નામ નહીં લેશો. હમણાં તમે શાંતિ પણ સ્થાપન કરી રહ્યા છો અને સુખ-શાંતિ પણ સ્થાપન કરી રહ્યા છો. ત્યાં તો શાંતિ પણ છે, સુખનું રાજ્ય પણ છે. મૂળ વતનમાં તો સુખની વાત નથી.

અડધો કલ્પ તમારું રાજ્ય ચાલે છે પછી અડધા કલ્પ પછી રાવણનું રાજ્ય આવે છે. અશાંતિ છે જ ૫ વિકારોથી. ૨૫૦૦ વર્ષ તમે રાજ્ય કરો છો ફરી ૨૫૦૦ વર્ષ પછી રાવણ નું રાજ્ય હોય છે. તેમણે તો લાખો વર્ષ લખી દીધા છે. એકદમ જેમકે બુદ્ધું બનાવી દીધા છે. પાંચ હજાર વર્ષ નાં કલ્પને લાખો વર્ષ કહી દેવું બુદ્ધુપણ કહેશું ને? જરા

પણ સભ્યતા નથી. દેવતાઓમાં કેટલી દૈવી સભ્યતા હતી. તે હવે અસભ્યતા થઈ પડી છે. કશું નથી જાણતાં. આસુરી ગુણ આવી ગયા છે. પહેલા તમે પણ કશું નહોતા જાણતા. કામ-કટારી ચલાવી આદિ-મધ્ય-અંત દુઃખી બનાવી દે છે એટલે એને કહેવાય જ છે રાવણ સંપ્રદાય. દેખાડ્યું છે રામે વાનરો ની સેના લીધી. હવે રામચંદ્ર ત્રેતા નાં, ત્યાં પછી વાનર ક્યાંથી આવે અને પછી કહે રામની સીતા ચોરાઈ ગઈ. આવી વાતો ત્યાં હોતી જ નથી. જીવ, જનાવર વગેરે ૮૪ લાખ યોનીઓ જેટલી અહીં છે એટલી સતયુગ-ત્રેતા માં થોડી હશે? આ બધો બેહદ નો ડ્રામા બાપ બેસી સમજાવે છે. બાળકોએ બહુ જ દૂરાદેશી બનવાનું છે. પહેલા તમને કંઈ પણ ખબર ન હતી. મનુષ્ય થઈ અને નાટકને નથી જાણતાં. હમણાં તમે સમજો છો સૌથી મોટું કોણ છે? ઊંચે થી ઊંચા ભગવાન. શ્લોક પણ ગાય છે ઊંચું તારું નામ.... હવે તમારા સિવાય બીજા કોઈની બુદ્ધિમાં નથી. તમારા માં પણ નંબરવાર છે. બાપ હદ અને બેહદ નાં બન્ને રહસ્ય સમજાવે છે. એનાથી પાર કંઈ પણ છે નહીં. તે છે તમારું રહેવાનું સ્થાન, જેને બ્રહ્માંડ પણ કહેવાય છે. જેમ અહીં તમે આકાશ તત્વોમાં બેઠા છો, આમાં કંઈ જોવામાં આવે છે શું? રેડિયોમાં કહે છે આકાશવાણી. હવે આ આકાશ તો બેઅંત છે. અંત પામી નથી શકતાં. તો આકાશવાણી કહેવાથી મનુષ્ય શું સમજશે? આ જે મુખ છે, આ છે પોલાર. મુખ થી વાણી (અવાજ) નીકળે છે. આ તો સાધારણ વાત છે. મુખ થી અવાજ નીકળવો જેને આકાશવાણી કહેવાય છે. બાપને પણ આકાશ દ્વારા વાણી ચલાવવી પડે. આપ બાળકોને પોતાનું પણ રહસ્ય બધુ બતાવ્યું છે. તમને નિશ્ચય થાય છે. છે તો બહુ સહજ. જેવી રીતે આપણે આત્મા છીએ તેવી રીતે બાપ પણ પરમાત્મા છે. ઉંચે થી ઊંચ આત્મા છે ને? બધાને પોત-પોતાનો પાર્ટ મળેલો છે. સૌથી ઊંચા માં ઊંચ ભગવાન પછી પ્રવૃત્તિ માર્ગ નાં યુગલ મેરૂ. પછી નંબર વાર માળા જુઓ કેટલી થોડી છે પછી સૃષ્ટિ વધતાં-વધતાં કેટલી મોટી થઈ જાય છે. કેટલા કરોડ દાણાં અર્થાત્ આત્માઓની માળા છે. આ બધું છે ભણતર. બાપ જે સમજાવે છે તેને સારી રીતે બુદ્ધિ માં ધારણ કરો. ઝાડનો વિસ્તાર તો તમે સાંભળતા રહો છો. બીજ ઉપર માં છે. આ વેરાઈટી ઝાડ છે. એની આયુ કેટલી છે. ઝાડ વૃદ્ધિને પામતું રહે છે તો આખો દિવસ બુદ્ધિમાં આ જ રહે. આ સૃષ્ટિ રુપી કલ્પવૃક્ષ નું આયુ બિલકુલ એક્યુરેટ છે. ૫ હજાર વર્ષથી એક સેકન્ડનો પણ ફરક નથી હોય શકતો. આપ બાળકોની બુદ્ધિમાં હવે કેટલું જ્ઞાન છે, જે સારા મજબૂત છે. મજબૂત ત્યારે થશે જ્યારે પવિત્ર હોય. આ જ્ઞાન ની ધારણા કરવા માટે સોનાનું વાસણ જોઈએ. પછી એવું સહજ થઇ જશે જેવી રીતે બાબા માટે સહજ છે. પછી તમને પણ કહેશે માસ્ટર નોલેજફૂલ. પછી નંબરવાર પુરુષાર્થ અનુસાર માળા નાં દાણા બની જશો. આવી-આવી વાતો બાબા વગર કોઈ સમજાવી ન શકે. આ આત્મા પણ સમજાવી રહ્યો છે. બાપ પણ આ તન દ્વારા જ સમજાવે છે, ના કે દેવતાઓ નાં શરીર દ્વારા. બાપ એક જ વાર આવીને ગુરુ બને છે તો પણ બાપે જ પાર્ટ ભજવવાનો છે. ૫ હજાર વર્ષ પછી આવી પાર્ટ ભજવશે.

બાપ સમજાવે છે ઉંચે થી ઊંચો હું છું. પછી છે મેરૂ. જે આદિ માં મહારાજા-મહારાણી છે, તે પછી આવીને અંતમાં આદિ દેવ, આદિ દેવી બનશે. આ બધું જ્ઞાન તમારી બુદ્ધિમાં છે. તમે ક્યાંય પણ સમજાવો તો અચંબો ખાશે. આ તો ઠીક બતાવે છે. મનુષ્ય સૃષ્ટિનાં બીજરુપ જ નોલેજફૂલ છે. એમના વગર બીજા કોઈ નોલેજ આપી ન શકે. આ બધી વાતો ધારણ કરવાની છે પરંતુ બાળકોને ધારણા થતી નથી. છે બહુ જ સહજ. કોઈ મુશ્કેલી નથી. એક તો યાદ ની યાત્રા જોઈએ આમાં, જે પછી પવિત્ર વાસણમાં રત્ન રહી શકે. આ ઊંચ થી ઊંચ રત્ન છે. બાબા તો ઝવેરી હતાં. બહુ સરસ હીરા માણેક વગેરે આવતા હતા તો ચાંદી ની ડબ્બીમાં કાપુસ વગેરેમાં સારી રીતે મુકતા હતા. જે કોઈ પણ જુએ તો કહેશે આ તો બહુ જ ફર્સ્ટ ક્લાસ વસ્તુ છે. આ પણ આવી રીતે છે. સારી વસ્તુઓ સારા વાસણમાં શોભે છે. તમારા કાન સાંભળે છે. એમાં ધારણા થાય છે. પવિત્ર હશે, બુદ્ધિયોગ બાપ સાથે હશે તો ધારણા સારી થશે. નહીં તો બધુ નીકળી જશે. આત્મા પણ છે કેટલો નાની. એમાં કેટલું જ્ઞાન ભરેલું છે. કેટલું સરસ શુદ્ધ વાસણ જોઈએ. કોઈ સંકલ્પ પણ ન આવે. ઉલ્ટા-સુલ્ટા સંકલ્પ બધા બંધ થઈ જવા જોઈએ. બધી તરફથી બુદ્ધિયોગ હટાવવાનો છે. મારી સાથે યોગ લગાવતાં-લગાવતાં વાસણ સોનું બનાવી દો જેથી રત્ન રહી શકે. પછી બીજાને દાન કરતા રહેશો. ભારત ને મહાદાની મનાય છે, તેઓ ધન દાન તો ખૂબ કરે છે. પરંતુ આ છે અવિનાશી જ્ઞાન-રત્નો નું દાન. દેહ સહિત જે કાંઈ છે તે બધું છોડીને એકની સાથે બુદ્ધિ નો યોગ રહે. અમે તો બાપ નાં છીએ, એમાં જ મહેનત લાગે છે. મુખ્ય ઉદ્દેશ તો બાપ બતાવી દે છે. પુરુષાર્થ કરવો બાળકોનું કામ છે. હમણાં જ આટલું ઊંચ પદ મેળવી શકશો. કોઈ પણ ઉલ્ટા-સુલ્ટા સંકલ્પ કે વિકલ્પ ન આવે. બાપ જ નોલેજ નાં સાગર, હદ-બેહદ થી પાર છે. બધું બેસી સમજાવે છે. તમે સમજો છો બાબા અમને જુએ છે પરંતુ હું તો હદ-બેહદ થી પાર ઉપર જતો રહું છું. હું રહેવા વાળો પણ ત્યાંનો છું. તમે પણ હદ બેહદથી પાર જતા રહો. સંકલ્પ-વિકલ્પ કંઈ પણ ન આવે. આમાં મહેનત જોઈએ. ગૃહસ્થ વ્યવહારમાં રહેતા કમળફૂલ સમાન બનવાનું છે. હથ કાર ડે,

દિલ ચાર ડે. ગૃહસ્થી તો બહુ જ છે. ગૃહસ્થી જેટલું ઉઠાવે છે એટલુ ઘરમાં રહેવા વાળા બાળકો નહીં. સેન્ટર ચલાવવા વાળા, મોરલી ચલાવવા વાળા પણ નાપાસ થઈ જાય છે અને ભણવાવાળા ઊંચા જતા રહે છે. આગળ તમને બધી ખબર પડતી જશે. બાબા બિલ્કુલ ઠીક બતાવે છે. અમને જે ભણાવતા હતા તેમને માયા ખાઈ ગઈ. મહારથીને માયા એકદમ હપ કરી ગઈ. છે નહીં. માયાવી ટ્રેટર (દગાબાજ) બની જાય છે. વિલાયતમાં પણ ટ્રેટર બની જાય છે ને? ક્યાં-ક્યાં જઈને શરણ લે છે. જે પાવરફૂલ હોય છે એની તરફ ચાલ્યા જાય છે. આ સમયે તો મૃત્યુ સામે છે ને તો બહુ જ તાકાત વાળા પાસે જશે. હમણાં તમે સમજો છો બાપ જ શક્તિશાળી છે. બાપ છે સર્વશક્તિવાન. આપણને શીખવાડતાં-શીખવાડતાં આખા વિશ્વના માલિક બનાવી દે છે. ત્યાં બધું જ મળી જાય છે. કોઈ અપ્રાપ્ત વસ્તુ નથી હોતી, જેની પ્રાપ્તિ માટે આપણે પુરુષાર્થ કરીએ. ત્યાં કોઈ એવી ચીજ હોતી નથી જે તમારી પાસે ન હોય. તે પણ નંબરવાર પુરુષાર્થ અનુસાર પદ મેળવે છે. બાપ વગર આવી વાત કોઈ નથી જાણતું. બધા છે પુજારી. ભલે મોટા-મોટા શંકરાચાર્ય વગેરે છે, બાબા એમની મહિમા પણ સંભળાવે છે. પહેલા પવિત્રતા ની તાકાત થી ભારત ને બહુ જ સારાં થમાવવાને નિમિત્ત બને છે. તે પણ જ્યારે સતોપ્રધાન હોય છે. હમણાં તો તમોપ્રધાન છે. તેમનામાં શું તાકાત રાખી છે. હમણાં તમે જે પુજારી હતા જે પછી પૂજ્ય બનવાનો પુરુષાર્થ કરી રહ્યા છો. હમણાં તમારી બુદ્ધિમાં બધું જ્ઞાન છે. બુદ્ધિમાં ધારણા રહે અને તમે સમજાવતા રહો. બાપને પણ યાદ કરો. બાપ જ આખા ઝાડ નું રહસ્ય સમજાવે છે. બાળકોએ મીઠાં પણ એવા બનવાનું છે. યુદ્ધ છે ને? માયા નાં તોફાન પણ બહુ જ આવે છે. બધુ સહન કરવું પડે છે. બાપની યાદ માં રહેવાથી તોફાન બધા ચાલ્યા જશે. હાતમતાઈ નો ખેલ બતાવે છે ને? મુહલરો નાખતાં હતાં, માયા ચાલી જતી હતી. મુહલરો કાઢવાથી જ માયા આવી જતી હતી. છુઈમુઈ થાય છે ને? હાથ લગાવો તો મુરજાઇ જાય છે. માયા બહુ જ હોશિયાર છે, આટલું ઊંચું ભણતર ભણતાં-ભણતાં બેઠા-બેઠા નીચે પાડી દે છે એટલે બાપ સમજાવતાં રહે છે પોતાને ભાઈ-ભાઈ સમજો તો પછી હદ-બેહદ થી પાર ચાલ્યા જશો. શરીર જ નથી તો પછી દૃષ્ટિ ક્યાં જશે? આટલી મહેનત કરવાની છે, સાંભળીને ફાં નથી થઇ જવાનું. કલ્પ-કલ્પ તમારો પુરુષાર્થ ચાલે છે અને તમે પોતાનું ભાગ્ય મેળવો છો. બાપ કહે છે ભણેલું બધું ભૂલો. બાકી જે ક્યારેય નથી ભણ્યા તે સાંભળો અને યાદ કરો. તેને કહેવાય છે ભક્તિ માર્ગ. તમે રાજઋષિ છો ને? જટાઓ ખુલ્લી હોય અને મુરલી સંભળાવો. સાધુ-સંતો વગેરે જે સંભળાવે છે તે બધી છે મનુષ્યની મોરલી. આ છે બેહદનાં બાપની મોરલી. સતયુગ-ત્રેતામાં તો જ્ઞાન ની મોરલી ની દરકાર જ નથી. ત્યાં ન જ્ઞાનની, ન ભક્તિ ની દરકાર છે. આ જ્ઞાન તમને મળે છે આ સંગમયુગ પર અને બાપ જ આપવા વાળા છે. અચ્છા !

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રત્યે માત-પિતા, બાપદાદાનાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. બુદ્ધિ માં જ્ઞાન-રત્નો ને ધારણ કરી દાન કરવાનું છે. હદ-બેહદ થી પાર એવી સ્થિતિમાં રહેવાનું છે જે ક્યારેય પણ ઉલ્ટા-સુલ્ટા સંકલ્પ કે વિકલ્પ ન આવે. આપણે આત્મા ભાઈ-ભાઈ છીએ, આ જ સ્મૃતિ રહે.
2. માયાનાં તોફાનોથી બચવા માટે મુખમાં બાપની યાદ નો મુહલરો નાખી દેવાનો છે. બધું સહન કરવાનું છે. છુઈમુઈ નથી બનવાનું. માયાથી હાર નથી ખાવાની.

વરદાન :- સદા એકનાં સ્નેહમાં સમાયેલા એક બાપને સહારો બનાવવા વાળા આકર્ષણ મુક્ત ભવ

જે બાળકો એક બાપ નાં સ્નેહમાં સમાયેલા છે તે સર્વ પ્રાપ્તિઓ માં સંપન્ન અને સંતુષ્ટ રહે છે. એમને કોઈ પણ પ્રકાર નો સહારો આકર્ષિત નથી કરી શકતો. એમને સહજ જ એક બાપ, બીજું ન કોઈ - આ અનુભૂતિ થાય છે. એમનો એક બાપ જ સંસાર છે, એક બાપ દ્વારા જ સર્વ સંબંધો નાં રસ નો અનુભવ થાય છે. એમના માટે સર્વ પ્રાપ્તિઓનો આધાર એક બાપ છે ન કે વૈભવ અથવા સાધન એટલે તે સહજ આકર્ષણ મુક્ત થઈ જાય છે.

સ્લોગન :- પ્રકૃતિ ને પાવન બનાવવી છે તો સંપૂર્ણ લગાવ મુક્ત બનો.